ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:-1894/06/2023 તા:22/06/2023

## કડી ખાતે રાજયના પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના 68માં જન્મ દિવસ નિમિત્તે રજતતૂલા અને રકતદાનશીબીર કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા.

## છેવાડાના માણસ સુધી સરકારની યોજના કેવી રીતે સરકારના પ્રતિનિધી પહોંચાડી શકે તેનું ઉત્તમ ઉદાહરણ આપણા શ્રી નીતિનભાઇ પટેલ છે - શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

## શ્રી નીતીનભાઇ પટેલને રાજયના નાયબ મુખ્યમંત્રી સુધી લઇજવા મહત્વનીભૂમિકા જો કોઇએ ભજવી હોય તો તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની છે – શ્રી સી.આર.પાટીલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, કડી ખાતે રાજયના પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના 68માં જન્મ દિવસ નિમિત્તે રજતતૂલા અને રકતદાનશીબીર કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.

રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાત સહિત દેશભરમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજયમાં વિકાસની રાજનીતી થકી નાનામા નાનો માણસ વિકાસના પ્રવાહમાં કેવી રીતે જોડાય તેની ચિંતા કરી છે. છેવાડાના માણસ સુધી સરકારની યોજના કેવી રીતે સરકારના પ્રતિનિધી પહોંચાડી શકે તેનું ઉત્તમ ઉદાહરણ આપણા શ્રી નીતિનભાઇ પટેલ છે. શ્રી નીતિનભાઇ પટેલના જન્મદિન નીમીતે તેમનુ સ્વાસ્થ્ય સારુ રહે અને ખૂબ સારા કામ કરતા રહે તેવીશુભકામના પાઠવું છું.

આ કાર્યક્રમમાં શ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, પાર્ટીના જરૂર સમયે અંત્યત મહત્વની ભૂમિકા નિભાવનાર અને રાજયના પુર્વ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના 68માં જન્મ દિવસ નિમિત્તે ખૂબ ખૂબ શુભકામના પાઠવું છું અને રાજકારણ ક્ષેત્રમાં હજી આગળ વધે તેવી શુભકામના. નીતીનભાઇ તેમના કાર્ય થકી ગુજરાત જ નહી દેશભરમાં જણીતા છે. તેમના કામના

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

ગુણવત્તાને આધારે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વર્ષો સુધી કામ કરવાની તક આપતા રહ્યા અને શ્રી નીતીનભાઇને રાજયના નાયબ મુખ્યમંત્રી સુધી લઇજવા મહત્વનીભૂમિકા જો કોઇએ ભજવી હોય તો તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબેની છે. શ્રી નીતીનભાઇએ રાજયમાં વિકાસના અનેક કાર્યોની ભેટ આપી છે. આજદિન સુધી વડાપ્રધાન કરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે 180 યોજનાઓ જાહેર કરી જનતાને લાભ આપી મદદ કરવાનો સફળ પ્રયાસ કર્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે 9 વર્ષના કાર્યકાળમાં દુનિયાને બતાવી દીધુ કે આજનુ ભારત શક્તિશાળી ભારત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશની આંતરકી અને બાહ્ય રીતે સુરક્ષા મજબૂત આપી છે. આવનરા 25 વર્ષમાં ભારત સર્વોચ્ચ સ્થાન પર પહોંચે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથ મજબૂત કરજો. આવા આજે શ્રી નિતિનભાઇના જન્મદિવસ નિમિત્તે સંકલ્પ કરીએ કે લોકસભા ચૂંટણીમાં ભાજપને 400થી પણ વધુ બેઠતો જીતાડી એક મજબૂત સરકાર બનાવીએ.

આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ,સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ,શ્રી સોમભાઈ મોદી,પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ તેમજ ધારાસભ્યશ્રીઓ સહીત સાધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)